GJSR010108642021

ફાઈલ તારીખ: ૦૪/૧૦/૨૦૨૧
દાખલ તારીખ: ૦૪/૧૦/૨૦૨૧
ફેંસલ તારીખ: ૨૯/૦૪/૨૦૨૬
અવધિ: વર્ષ માસ દિવસ

# મહેરબાન સુરતના બીજા અધિક એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, સુરત.

આંક :-

ફોર્મ- "એ"

| | |
|---|---|
| **સેશન્સ કેસ નં.૯૨૪/૨૦૨૧** (અમરોલી પો.સ્ટે.A.ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૨૦૦૩૭૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ – ૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)) | |
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **યુ.એ.પાટીલ** |
| **આરોપીઓ** | **૧) દિપુ દેશરાથ સિંગ(રાજપુત)** ઉ.આ.વ.૪૫ વર્ષ,ધંધો–વેપાર, રહે–ઘર નં.૭૯, શિવનગર, જુનો કોસાડ રોડ, અમરોલી, સુરત. મુળ રહે–ગામ શનબરશા થાના–ટીકડી નગર, પોસ્ટ–ખેતાસરાયા, તા.રામશરેહી, ધાટ જિ.બારાબંકી(યુ.પી.) <br><br> **૨) રવિ ઉર્ફે રવિ બિહારી બિસ્વજીતસીંગ રાજપુત.** ઉ.આ.વ.૨૪ વર્ષ,ધંધો–નોકરી, રહે–અમરોલી ચાર રસ્તા, જનતાનગર, |

| | |
|---|---|
| | અમરોલી, સુરત.<br>મુળ વતન-ગામ-મહેશ્વરી, પોસ્ટ થાના સરકાપથલ, તા.જિ.જમોઇ(બિહાર) |
| આરોપી નં.૧ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **શ્રી વી.આર.શુકલા.** |
| આરોપી નં.ર તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **શ્રી એમ.એ.શેખ.** |

## ફોર્મ- "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ર૦-૦ર-ર૦ર૦ ના ક.ર૦/૩૦ પહેલાં હરકોઇ વખતે |
| એફ.આઈ.આર.ની તારીખ | ર૫-૦ર-ર૦ર૦ |
| ચાર્જશીટની તારીખ | ૧૦-૦૬-ર૦ર૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧ર-૦૮-ર૦રર |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૮-૧૧-ર૦ર૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ર૪-૦૪-ર૦ર૬ |
| ચુકાદાની તારીખ | ર૯-૦૪-ર૦ર૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | - |

## આરોપીઓની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ- ૪ર૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિપુ દેશરાજ સિંગ (રાજપુત) | ર૫-ર-ર૦ર૦ | જયુડી. કસ્ટડીમાં છે | ઇ.પી.કો.કલમ-૩૦ર, ૧ર૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) | નિર્દોષ | - | - |
| ર | રવિ ઉર્ફે રવિ બિહારી બિસ્વતજીતસીંગ રાજપુત | ર૫-ર-ર૦ર૦ | જયુડી. કસ્ટડીમાં છે | | નિર્દોષ | - | - |

GJSR010084022022

ફાઈલ તારીખઃ ૦૮/૦૭/૨૦૨૨
દાખલ તારીખઃ ૦૮/૦૭/૨૦૨૨
ફેંસલ તારીખઃ ૨૯/૦૪/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ

**ફોર્મ– "એ"**

| | |
|---|---|
| **સેશન્સ કેસ નં.૪૮૪/૨૦૨૨**<br>**(અમરોલી પો.સ્ટે.A.ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૨૦૦૩૭૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ – ૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧))** | |
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **યુ.એ.પાટીલ** |
| **આરોપી** | **શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ કલ્લન શર્મા.**<br>ઉ.આ.વ.૨૩ વર્ષ,ધંધો–રીક્ષા ડ્રાયવર,<br>રહે– અમરોલી ગુ.હા.બોર્ડ ઘર નં.૧૧૩૯, પાર્થ સોસાયટી, અમરોલી, સુરત.<br>મુળ રહે–ગામ તસીમો, તા.સેફો, જિ.ધોલપુર, (રાજસ્થાન) |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. વકીલ | **શ્રી ડી.કે.વસાવા.** |

**ફોર્મ– "બી"**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦–૦૨–૨૦૨૦ ના ક.૨૦/૩૦ પહેલાં હરકોઈ વખતે |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૫–૦૨–૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૨૧–૦૬–૨૦૨૨ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૨–૦૮–૨૦૨૨ |

| | |
|---|---|
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૮–૧૧–૨૦૨૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૪–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**આરોપીની વિગત**

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ કલ્લન શર્મા | ૨૬–૨–૨૦૨૦ | ૧૦–૧૧–૨૦૨૦ ૨૧–૨–૨૦૨૪ | ઇ.પી.કો.કલમ-૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) | નિર્દોષ | – | – |

## ફોર્મ –સી

ફરીયાદપક્ષે/બચાવપક્ષે /કોર્ટના સાહેદોનું લીસ્ટ.

એ– ફરીયાદપક્ષે.

| અ.નં | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ફાલ્ગુનભાઈ જોતીન્દ્રભાઈ પરમાર | સાહેદ | ૧૮ |
| ૨. | અરૂણા સાવંત સિંધે | ફરિયાદી | ૧૯ |
| ૩. | વિજયકુમાર રામજીત યાદવ | પંચ સાહેદ | ૨૩ |
| ૪. | ડૉ.વિજયકુમાર દારોગી કૌશિક | તબીબી સાહેદ | ૨૭ |
| ૫. | દિપક સુરેશભાઈ ગવાણે | પંચ સાહેદ | ૩૪ |
| ૬. | જગન ઇચ્છારામ સોલંકી | પંચ સાહેદ | ૩૭ |
| ૭. | વિજય પરસોત્તમભાઈ ગોહિલ | પંચ સાહેદ | ૩૮ |
| ૮. | જગદીશ લલ્લુભાઈ રાઠોડ | પંચ સાહેદ | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૯. | અબ્બાસ ઉસ્માનગની શેખ | પંચ સાહેદ | ૫૫ |
| ૧૦. | અલ્પેશકુમાર પેથુભાઇ ચૌધરી | ત.ક.અમલદાર | ૭૨ |

**<u>બી– બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––––– | ––––– |

**<u>સી– કોર્ટ સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––––– | ––––– |

**ફરીયાદપક્ષે,બચાવપક્ષે અને કોર્ટનાં દસ્તાવેજોનું લીસ્ટ.**

**એ– ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| અ.નં | દસ્તાવેજની વિગત | આંક | સાબિત/ રજૂ કરનાર સાહેદ નં. |
|---|---|---|---|
| ૧ | ફરિયાદ | ૨૦ | ૨,૧૦ |
| ૨ | ઇન્કવેસ્ટ પંચનામુ તથા મરણોત્તર ફોર્મની નકલ | ૨૧ | ૮,૧૦ |
| ૩ | હથિયાર કબજે કરતું ડીસ્કવરી પંચનામુ | ૨૪ | ૩,૭,૧૦ |
| ૪ | આરોપી દિપુસીંગનું અટક પંચનામુ | ૨૬ | કબુલાત, ૧૦ |
| ૫ | મરણજનારના કપડાં કબજે કર્યાનું પંચનામુ | ૨૭ | કબુલાત, ૧૦ |
| ૬ | આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખનું અટક પંચનામુ | ૨૮ | કબુલાત, ૧૦ |
| ૭ | મરણજનારનું પી.એમ. કરવા માટેની યાદી | ૨૮ | ૪ |
| ૮ | અસલ પોસ્ટમોર્ટમ એકઝામીનેશન અને એમ.એલ.સી.ના કાગળો | ૨૯ | ૪ |
| ૯ | પી.એમ.નોટ | ૩૦ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | હિસ્ટોપેથોલોજીનો રિપોર્ટ | ૩૧ | ૪ |
| ૧૧ | FSL નો ફોરવર્ડીંગ પત્ર | ૩૨ | ૪ |
| ૧૨ | અસલ કોઝ ઓફ ડેથ સર્ટીફિકેટ | ૩૩ | ૪ |
| ૧૩ | મુદ્દામાલ આર્ટી.નં.૯ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૨૭/ એ, ૩૯ | ૪,૭ |
| ૧૪ | મુદ્દામાલ આર્ટી.નં.૧૦ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૨૭/ બી, ૪૦ | ૪,૭ |
| ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૫ | ૫,૬,૯, ૧૦ |
| ૧૬ | મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામુ | ૩૬ | ૫,૬,૧૦ |
| ૧૭ | આરોપી રવિ બિહારીનું અટક પંચનામુ | ૫૪ | ૧૦ |
| ૧૮ | FSL અધિકારીને લખેલ યાદી | ૭૩ | ૧૦ |
| ૧૯ | FSL નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૭૪ | ૧૦ |
| ૨૦ | કમિશનરશ્રીનું જાહેરનામુ | ૭૫ | ૧૦ |
| ૨૧ | રવાનગી પત્ર | ૭૬ | ૧૦ |
| ૨૨ | FSL મુદ્દામાલ મળી આવ્યા અંગેની પહોંચ | ૭૭ | ૧૦ |
| ૨૩ | આરોપી દિપુસીંગની ટીશર્ટ મુદ્દામાલ આર્ટી. નં.૧ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૭૮ | ૧૦ |
| ૨૪ | આરોપી દિપુસીંગનું કાળા કલરનું પેન્ટ મુદ્દામાલ આર્ટી.નં.૨ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૭૯ | ૧૦ |
| ૨૫ | આરોપી રવિનું શર્ટ મુદ્દામાલ આર્ટી.નં.૩ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૮૦ | ૧૦ |
| ૨૬ | આરોપી રવિની જીન્સની પેન્ટ આર્ટી નં.૪ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૮૧ | ૧૦ |
| ૨૭ | મરણજનારનું મરૂન કલરનું ટીશર્ટ આર્ટી.નં.૫ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૮૨ | ૧૦ |
| ૨૮ | મરણજનારનો જાંગીયો આર્ટી.નં.૬ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૮૩ | ૧૦ |
| ૨૯ | મરણજનારનું જીન્સનું પેન્ટ આર્ટી.નં.૭ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૮૪ | ૧૦ |

## બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––––– |

## સી– કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| –– | –––– | ––––– |

## ડી.–મટીરીયલ ઓબ્જેકટ.

| ક્રમાંક | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વર્ણન. | સાબિત/રજૂ કરનાર સાહેદ નં. |
|---|---|---|---|
| ૧. | માર્ક–એ/૧ | આરોપી દિપુસીંગની ટીશર્ટ | ૧૦ |
| ૨. | માર્ક–એ/૨ | આરોપી દિપુસીંગનું કાળા કલરનું પેન્ટ | ૧૦ |
| ૩. | માર્ક–બી/૧ | આરોપી રવિનું ક્રીમ કલરનું આખી બાયનું શર્ટ | ૧૦ |
| ૪. | માર્ક–બી/૨ | આરોપી રવિની જીન્સની પેન્ટ | ૧૦ |
| ૫. | માર્ક–સી/૧ | મરણજનારનું મરૂણ કલરનું ટીશર્ટ | ૧૦ |
| ૬. | માર્ક–સી/૨ | મરણજનારનો જાંગીયો | ૧૦ |
| ૭. | માર્ક–સી/૩ | મરણજનારનું જીન્સનું પેન્ટ | ૧૦ |
| ૮. | જમા નથી. | | |
| ૯. | માર્ક–ડી/૧ | ગુપ્તી | ૪,૭,૧૦ |
| ૧૦. | માર્ક–ડી/૨ | ચપ્પુ | ૪,૭,૧૦ |

## ચૂકાદો

(૧) સદર કામના આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલત સમક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનો આક્ષેપ છે જેની

ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીશ્રી અરૂણાબેન તે શ્રાવણ ઉર્ફે સાવંતભાઈ પિરાજીભાઈ સિંદેની પત્નીના પતિ આ કામે મરણજનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઈ પિરાજીભાઈ સિંદે, ઉ.વ.૩૬ નાઓ તા.૨૦–૨–૨૦૨૦ ના રોજ સાંજના સાતેક વાગ્યાની અરસામાં અમરોલીગામ નવું હળપતિવાસ પાસેથી પસાર થતા આરોપી દિપુ દેશરાજસિંગ (રાજપુત) તથા રવિ ઉર્ફે રવિ બિહારી બિસ્વજીતસીંગ રાજપુતનાઓ રસ્તા ઉપર તેની હિરો સ્પેલેન્ડર મો.સા.નં.GJ–05–ES–5359 લઈને ઉભા રહી વાતચીત કરતા હોય તેમને રસ્તા ઉપર નડતરરૂપ ઉભા નહીં રહી બાજુમાં ઉભા રહેવા માટે જણાવતાં આ કામનાં આરોપીઓએ શ્રાવણ ઉર્ફે સાવંતની સાથે ઝધડો તકરાર કરેલ ત્યારે આ કામના સાહેદો નવીનભાઈ ઉર્ફે નાનુ ધનસુખભાઈ રાઠોડ તથા ભરત કિશનભાઈ બહેરા તથા ફાલ્ગુનભાઈ જિતેન્દ્રભાઈ પરમારનાઓ વચ્ચે પડી તેમને છોડાવેલા. ત્યારબાદ આ કામના આરોપીઓ દિપુ તથા રવિ બિહારીનાઓ ત્યાંથી તેમની મો.સા. લઈને સીધા અમરોલી ચાર રસ્તા, છાપરાભાઠા રોડ, તુલસી હોટલની પાછળ, તાપી નદીના પાળા પાસે આવેલ ગીરનારી કા આશ્રમ પાસે આવેલા અને તેમના મિત્ર આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ કલ્લન શર્માનાઓને ફોન કરીને બોલાવી તેને આ ઝધડા બાબતે જણાવતાં આ કામના આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે તેમના સાગરીત દિપુ ઉર્ફે રવિ

બિહારીને અપમાનનો બદલો લેવા માટે જણાવી ત્રણેય આરોપીઓએ શ્રાવણ ઉર્ફે સાવંતને જાનથી મારી નાંખવાનો કારસો રચી આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે એક ચાકુ દિપુસીંગને અને એક ગુપ્તી રવિ બિહારીને આપી શ્રાવણ ઉર્ફે ઉર્ફે સાવંત શિંદેને સબક શીખવાડવા માટે જણાવતાં આરોપી દિપ તથા રવિ બિહારી તેમની હીરો સ્પેલેન્ડર મો.સા.નં.GJ–05–ES–5359 ઉપર બેસી ગુનાવાળી જગ્યા અમરોલી ગામ નવો હળપતિવાસ ઈન્દીરાનગર જય માતાજી કિરાણા સ્ટોર પાસે જાહેરમાં આવેલા અને આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ પણ તેના મિત્રોનો સાથ આપવા માટે ગુનાવાળી જગ્યા ઉપર તેના સાગરીતોથી થોડે અંતરે ઉભો રહેલ તે વખતે આરોપી દિપુ તથા રવિ બિહારી શ્રાવણ ઉર્ફે સાવંતને શોધતા હતા ત્યારે રાત્રિના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામાં શ્રાવણ ઉર્ફે સાવંત શિંદે તેઓને જોવા મળતાં આરોપી રવિ બિહારીએ ગુપ્તી વડે અને આરોપી દિપુએ ચાકુ વડે એક એક ઘા શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેને પેટના બંને બાજુ મારી જીવલેણ અને ગંભીર ઈજાઓ પહોંચાડી બંને આરોપીઓ તેમની મો.સા. લઈ નાસી જઈ તેમજ આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ પણ નાસી જઈ ત્રણેય આરોપીઓ ગુનાવાળી જગ્યાએથી તાપી નદીના પાળા પાસે આવેલ ગીરનારી કા આશ્રમ પાસે આવી આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે આરોપી દિપુ અને રવિ બિહારીના મારક હથિયારો પોતાની પાસે લઈ ત્યાં જ સંતાડી દઈ ત્રણેય આરોપીઓ નાસી જઈ ઈજાગ્રસ્ત શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેનાઓનું તા.૨૫–૨–૨૦૨૦ ના રોજ ક.૨/૩૦ વાગ્યાના

અરસામાં ચાલુ સારવાર દરમ્યાન અવસાન પામી ત્રણેય આરોપીઓએ સુનીયોજિત ગુનાહિત કાવત્રુ કરી તેઓન સમાન ઈરાદો પાર પડાવા સારૂં એકબીજાની મદદગારી કરી શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેનું ખુન કરી નાસી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાઓ કર્યા હોવાનો ફરિયાદપક્ષે આરોપીઓ ઉપર તહોમત મુકેલુ છે.

(૩) બનાવ સંબંધી ફરિયાદીનાઓએ અમરોલી પો.સ્ટે.પાર્ટ–એ.ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૪૨૦૦૩૭૪/૨૦૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાઓ દાખલ થયેલા. સદર ગુનાના કામના બંને આરોપીઓ જયુડી.કસ્ટડીમાં હોવાથી આરોપી નં.૩ સામેનો કેસ આંક–૧ નીચે હુકમ કરી અલગ કરવામાં આવેલ. ત્યારબાદ કેસની કાર્યવાહી દરમ્યાન આરોપી નં.૩ મળી આવતાં આરોપી નં.૩ વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ દાખલ કરવાનું આવેલું અને સદર બંને સેશન્સ કેસો સેશન્સ કેસ નં. ૯૨૪/૨૦૨૧ અને સેશન્સ કેસ નં.૪૮૪/૨૦૨૨ ભેગા ચલાવવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૨૩–૧૧–૨૦૨૩ ના રોજ આંક–૬ થી કરેલ છે. તે ગુનાની તપાસ ત.ક.અ.શ્રીને સોંપતાં તેઓએ ગુનાની તપાસ સંભાળેલી અને તેમની તપાસ દરમ્યાન તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, મરણજનારનાં કપડાં કબજે કર્યાનું પંચનામુ, આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામુ, સી.ડી. કબજે કર્યાનું

પંચનામુ, મરણોત્તર પંચનામુ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય મહેરબાન સુરતના જયુડી.મેજિ.ફ.ક.શ્રી (ત્રીજી કોર્ટ)ની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ જેનો ફોજદારી કેસ નં. ૧૬૯૪૫/ ૨૦૨૦ અને ફોજદારી કેસ નં.૩૭૭૮૮/૨૦૨૨ રજિસ્ટર થયેલ છે.

(૪) મહેરબાન સુરતના મહેરબાન સુરત જયુડી.મેજિ. ફ.ક.શ્રી (ત્રીજી કોર્ટ)ને સદર કેસ ચલાવવાની સત્તા ન હોવાથી આ કેસો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૯ હેઠળ સુરતની સેશન્સ અદાલતમાં ફોજદારી કેસ નં.૧૬૯૪૫/૨૦૨ ને કમિટ કરવાનો હુકમ તા. ૧-૧૦-૨૦૨૧ ના રોજ કરેલો. જેનો સેશન્સ કેસ નં.૯૨૪/૨૦૨૧ થી રજિસ્ટર થયેલ અને ફોજદારી કેસ નં.૩૭૭૮૮/૨૦૨૨ ને કમિટ કરવાનો હુકમ તા.૧-૦૭-૨૦૨૨ ના રોજ કરેલો. જેનો સેશન્સ કેસ નં.૪૮૪/૨૦૨૨ થી રજિસ્ટર થયેલ. સદર કામે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત હકીકતોએ કેસ કમીટ કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલતમાં ન્યાયિક કાર્યવાહી માટે તબદીલ થયેલ. બાદમાં આરોપીઓને બચાવ માટે તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેની ખાતરી કરવામાં આવેલ અને આરોપીઓ ખાનગી વકીલ રોકવા માંગે છે તેવું જણાવેલ.

(૫) પ્રસ્તુત કામે મારા પુરોગામી સેસન્સ જજશ્રીએ સેશન્સ કેસ

નં.૯૨૪/૨૦૨૧ માં આરોપીઓ નં.૧,૨ વિરૂધ્ધનું તહોમતનામું આંક–૧૦ થી અને સેશન્સ કેસ નં.૪૮૪/૨૦૨૨ માં આરોપી નં.૩ વિરૂધ્ધનું તહોમતનામુ આંક–૪ થી ફરમાવેલ અને તે તહોમતનામું આરોપીઓને વાંચી,સંભળાવી, સમજાવવામાં આવેલ અને તે અન્વયે આરોપીઓની આંક–૧૧ અને આંક–૧૨ થી તથા સેશન્સ કેસ નં.૪૮૪/૨૦૨૨ માં આરોપીની પ્લી આંક–૫ થી લેવામાં આવેલી. જેમાં આરોપીઓએ પોતાને તહોમતનામા મુજબનો ગુનો કબુલ નથી અને કેસ ગુણદોષ ઉપર આગળ ચલાવવા માંગે છે તેવી ઈચ્છા વ્યકત કરતાં ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. આરોપીઓ નં.૧,૨ જયુડી.કસ્ટડીમાં છે અને આરોપી નં.૩ જામીન ઉપર મુકત છે.

(૬) ફરિયાદપક્ષે પોતાનો તમામ પુરાવો રજૂ કર્યા બાદ ફરિયાદપક્ષ દ્વારા વધુ પુરાવો રજૂ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૮૮ થી આપવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપી નં.૧ થી ૩ નાએ વિશેષમાં જણાવેલ છે કે,"*અમો નિર્દોષ છીએ, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, ખોટી ફરિયાદના આધારે ખોટા સાહેદો અને નિવેદનો ઉભા કરી ખોટી રીતે, ખોટા ગુનામાં સંડોવી દીધેલ છે. જેથી અમોને નિર્દોષ છોડવા નમ્રતાપુર્વકની અરજ છે.*" તેમજ સોગંદ ઉપર જુબાની

આપવાનો તથા સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૮) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી યુ.એ.પાટીલનાંએ મૌખિક દલીલો કરેલ છે કે, ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં ફરિયાદીએ પોતાની ફરિયાદ હકીકતને સમર્થન આપેલ નથી અને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચ સાહેદો અને સાહેદોએ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી, પરંતુ પોલીસ સાહેદ અને ત.ક.અમલદારે તેમણે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે. તબીબી સાહેદના પુરાવાના આધારે પણ મરણજનારને તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડવામાં આવેલ હોય તેવું સાબિત થાય છે. આ પુરાવાથી આરોપીઓએ જ મરણ જનારનું ખુન કરેલાની હકીકતો સ્પષ્ટ થાય છે. આમ,આરોપીઓ સામે તહોમતનામા મુજબનો ગુનો સાબિત થતો હોય આરોપીઓને સદર ગુનામાં તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

(૯) ત્યારબાદ આરોપીપક્ષે તેમના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેમણે બે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તેમણે મરણજનારને મારતાં જોયેલ નથી તેમજ ફરિયાદી નામદાર કોર્ટ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવતાં નથી. ફરિયાદી બનાવ સમયે

મજુરીકામ અર્થે બહાર ગયેલા હતા અને તેમને બનાવની કોઈ જાતમાહિતી નથી. પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, માત્ર પોલીસ સાહેદોનાં પુરાવાના આધારે આરોપીઓને સદર ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૧૦) ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને તથા વંચાણે લેતાં અને બંનેપક્ષની દલીલો ધ્યાને લેતાં સદરહુ કેસનાં નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દાઓ</u>

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, મરનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઇ પિરાજીભાઇ શિંદેનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે?

૨. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ફરિયાદીશ્રી અરૂણાબેન તે શ્રાવણ ઉર્ફે સાવંતભાઇ પિરાજીભાઇ સિંદેની પત્નીના પતિ આ કામે મરણજનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઇ પિરાજીભાઇ સિંદે, ઉ.વ.૩૬ નાઓ તા.૨૦-૨-૨૦૨૦ ના રોજ સાંજના સાતેક વાગ્યાની અરસામાં અમરોલીગામ નવું હળપતિવાસ પાસેથી પસાર થતા આરોપી દિપુ દેશરાજસિંગ (રાજપુત) તથા રવિ ઉર્ફે રવિ બિહારી બિસ્વજીતસીંગ રાજપુતનાઓ રસ્તા ઉપર તેની હિરો સ્પેલેન્ડર મો.સા.

નં.GJ–05–ES–5359 લઈને ઉભા રહી વાતચીત કરતા હોય તેમને રસ્તા ઉપર નડતરરૂપ ઉભા નહીં રહી બાજુમાં ઉભા રહેવા માટે જણાવતાં આ કામનાં આરોપીઓએ શ્રાવણ ઉર્ફે સાવંતની સાથે ઝઘડો તકરાર કરેલ ત્યારે આ કામના સાહેદો નવીનભાઈ ઉર્ફે નાનુ ધનસુખભાઈ રાઠોડ તથા ભરત કિશનભાઈ બહેરા તથા ફાલ્ગુનભાઈ જિતેન્દ્રભાઈ પરમારનાઓ વચ્ચે પડી તેમને છોડાવેલા. ત્યારબાદ આ કામના આરોપીઓ દિપુ તથા રવિ બિહારીનાઓ ત્યાંથી તેમની મો.સા. લઈને સીધા અમરોલી ચાર રસ્તા, છાપરાભાઠા રોડ, તુલસી હોટલની પાછળ, તાપી નદીના પાળા પાસે આવેલ ગીરનારી કા આશ્રમ પાસે આવેલા અને તેમના મિત્ર આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ કલ્લન શર્માનાઓને ફોન કરીને બોલાવી તેને આ ઝઘડા બાબતે જણાવતાં આ કામના આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે તેમના સાગરીત દિપુ ઉર્ફે રવિ બિહારીને અપમાનનો બદલો લેવા માટે જણાવી ત્રણેય આરોપીઓએ શ્રાવણ ઉર્ફે સાવંતને જાનથી મારી નાંખવાનો કારસો રચી આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે એક ચાકુ દિપુસીંગને અને એક ગુપ્તી રવિ બિહારીને આપી શ્રાવણ ઉર્ફે ઉર્ફે સાવંત શિંદેને સબક શીખવાડવા માટે જણાવતાં આરોપી દિપ તથા રવિ બિહારી તેમની હીરો સ્પેલેન્ડર મો.સા.નં.GJ–05–ES–5359 ઉપર બેસી ગુનાવાળી જગ્યા અમરોલી ગામ નવો હળપતિવાસ ઈન્દીરાનગર જય માતાજી કિરાણા સ્ટોર પાસે જાહેરમાં

આવેલા અને આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ પણ તેના મિત્રોનો સાથ આપવા માટે ગુનાવાળી જગ્યા ઉપર તેના સાગરીતોથી થોડે અંતરે ઉભો રહેલ તે વખતે આરોપી દિપુ તથા રવિ બિહારી શ્રાવણ ઉર્ફે સાવંતને શોધતા હતા ત્યારે રાત્રિના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામાં શ્રાવણ ઉર્ફે સાવંત શિંદે તેઓને જોવા મળતાં આરોપી રવિ બિહારીએ ગુપ્તી વડે અને આરોપી દિપુએ ચાકુ વડે એક એક ધા શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેને પેટના બંને બાજુ મારી જીવલેણ અને ગંભીર ઈજાઓ પહોંચાડી બંને આરોપીઓ તેમની મો.સા. લઈ નાસી જઈ તેમજ આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ પણ નાસી જઈ ત્રણેય આરોપીઓ ગુનાવાળી જગ્યાએથી તાપી નદીના પાળા પાસે આવેલ ગીરનારી કા આશ્રમ પાસે આવી આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખે આરોપી દિપુ અને રવિ બિહારીના મારક હથિયારો પોતાની પાસે લઈ ત્યાં જ સંતાડી દઈ ત્રણેય આરોપીઓ નાસી જઈ ઈજાગ્રસ્ત શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેનાઓનું તા.૨૫-૨-૨૦૨૦ ના રોજ ક.૨/૩૦ વાગ્યાના અરસામાં ચાલુ સારવાર દરમ્યાન અવસાન પામી ત્રણેય આરોપીઓએ સુનીયોજિત ગુનાહિત કાવત્રુ કરી તેઓન સમાન ઈરાદો પાર પડાવા સારૂં એકબીજાની મદદગારી કરી શ્રાવણ ઉર્ફે સાવંત શિંદેનું ખુન કરી નાસી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કર્યા છે?

૩. શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છેઃ–

૧. મુદ્દા નં.૧ઃ– હકારમાં

૨. મુદ્દા નં.૨– નકારમાં

૩. મુદ્દા નં.૩– આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છેઃ–

**ઃઃ કા ર ણો ઃઃ**

**મુદ્દા નં.૧ ની ચર્ચા**

**(૧૨)** ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરસપુડન્સની જોગવાઈ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ની છે. જે મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈ પણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે **Crimes 2016(4) Page No.114, Harbeer Singh V/s. Sheeshpal & Ors.** નાં પેરા–૧૧ માં એવું ઠરાવેલ છે કે, –

“ It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubt. The burden of proving its case beyond all reasonable doubt lies on the prosecution and its never shifts. ....”

તેવી જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે **2017 Cr.L.J. Page No.459, Maheshbhai RAtilal Bhil V/s. State of Gujarat** નાં પેરા–૧૫ માં જણાવ્યા મુજબ–

15. ... in case of RAjiv Singh v/s. State of Bihar & Anr. I(2016) CCR 70(SC) : (AIR 2016 SC(Cri) 238, it has been held in paragraph Nos. 60 to 63 as under :

"60. It is well entrenched principle of criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence to warrant legal conviction and that no person can be held guilty on pure moral conviction. Howsoever grave the alleged offence may be, otherwise stirring the conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.

61. The above enunciations resonated umpteen times to be reiterated in Raj Kumar Singh alias Raju alias Batya V/s. State of Rajasthan (2013) 5 SCC 722 : (AIR 2013 SC-3150) as succinctly summarized in paragraph 21 (para 17 of AIR) as hereuner :

"21. Suspicion, however grave it may be cannot take the place of proof, and there is a large

difference between something that “may be” proved and “will be proved”. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between “may be” and “must be” is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty ot ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between “may be” true and “must be” true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the posecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be appliced. In such cases, while keeping in mind the distance between “may be” true and “must be” true, the court must maintain the vital distance between conjectures and sure conclusins to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The Court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a

reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but afair doubt that is based upon reason and common sense.”

62. In supplementation, it was held in affirmation of the view takein Kali Ram V/s. State of H.P. (1973) 2 SCC 808 : (AIR 1973 SC 2773), that if two views are possible on theevidence adduced in the case, on pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.

63. In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of “must be” and not “may be” a distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. ....”

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ ને પ્રસ્તુત કેસમાં રજુ પુરાવાનું અવલોકન કરવાનું રહે છે.

સદર કામે મરણજનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઈ પિરાજીભાઈ સિંદેનું મૃત્યુ કુદરતના સામાન્ય ક્રમમાં થયેલ છે કે કેમ? તે બાબતે મેડીકલ ઓફિસરશ્રીનો એટલે કે નિષ્ણાંતનો પુરાવો રેકર્ડ પર હોવાથી આ પુરાવાની સૌ પ્રથમ ચર્ચા કરવામાં આવેલ છે.

- (૧૩) સદર કામે મરણજનારનું પી.એમ.કરનાર મેડીકલ ઓફિસર PW–4 ડૉ. વિજયકુમાર દરોગી કૌશિકનો પુરાવો આંક–૨૭ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે,

  = ગઈ ૨૫/૨/૨૦૨૦ ના રોજ તેઓ ફરજ પર હાજર હતા ત્યારે ફસ્ટ ગુના રજી નં ...૩૭૪/૨૦૨૦ ના કામે મરણ જનાર શ્રવરણ પીરાજી સીંદે રહે નવો મહોલ્લો હળપતીવાસ અમરોલી સુરતનાઓની લાશ અસલ યાદી, ઇન્કવેસ્ટ પંચનામા તથા મરણોત્તર ફોર્મ તથા મેડીકોલીગલ પોસ્ટમોર્ટમ એક્ઝામીનેશન ફોર્મ તથા અસલ એમ એલ સી નં ૧૯૦૫ ના કાગળો સાથે પો.કોન્સ સંજયભાઇ બં નં.૨૧૩૬ દ્વારા મોકલવામા આવેલ. સદર લાશ સંજયભાઈ સીદેનાઓએ ઓળખી બતાવેલ. સદર લાશ ૨૫/૨/૨૦૨૦ ના રોજ ૧૧:૦૫ એ એમ એ અમોને મળેલ. લાશનુ પરીક્ષણ ૧૧:૧૦ એ શરુ કરી ૧૨:૩૦ પીએમ એ પુર્ણ કરવામા આવેલ. તેઓ તેમની સાથે અસલ યાદી લાવેલ છે જે આંક–૨૮ થી રજૂ છે તથા અસલ પોસ્ટ મોર્ટમ એક્ઝામીનેશન અને એમ એલ સી નં ૧૯૦૫ ના અસલ કેસ કાગળોને સંયુક્ત આંક–૨૯ થી રજૂ છે. તેમના હોસ્પીટલના રેકર્ડ મુજબ તા.૨૦/૨/૨૦૨૦ ના ૧૦:૧૫ પીએમ થી થી તા. ૨૫/૨/૨૦ ના ૨:૩૦ એ એમ સુધી સ્મીમેર હોસ્પિટલમા દાખલ હતા અને સારવાર આપવામા આવેલ હતી.

- સદર મરણ જનારનુ લાશનુ પીએમ તેમણે તથા તેમની સાથી ડોકટર જયેશ કાનાણીનાઓએ કરેલ. લાશના શરીર ઉપર કોઇ કપડા ન હતા. ફક્ત બ્રાઉન કલરનો સર્જીકલ પટ્ટીના બેન્ડેડ પેટ ઉપર હતા. બોડી ઓળખાયેલ હતી. શરીરનો બાંધો મધ્યમ અને ઠંડો હતો. શરીર અકળાઇ જવાની પ્રક્રિયા આખા શરીર પર હતી. પીએમ લીવીડીટી શરીરના પાછળના ભાગે દબાણ સીવાયના ભાગ સિવાય આખા શરીરે હતી. આંખ અડધી

ખુલ્લી હતી. કોર્નીયા ફીકી પડી ગયેલ, મુખ બંધ હતુ, જીભ મોઢામ હતી.

- શબનુ પરીક્ષણમા નીચે મુજબની બાહ્ય ઈજાઓ જણાય આવેલ.
- ૧) એક ભોકાયેલ ઘા જે ડાબી બાજુ પેટના નિચે લમ્બર રીજનમા હતો જે ૪ X ૧.૫ સેમી X પોલાણ સુધી ઉડો હતો, જે આડો હતો, જે ૭ સેમી સુપીરીયર એલીયક સ્પાઈન થી ઉપર હતો. અને મધ્ય રેખાથી ૭ સેમી બહાર હતો, નાભથી ૨ સેમી નિચે હતો. જેના છેડા માર્જીન નિયમીત હતા, થોડા રુજાલુ (પાર્સીયલ હિલ)હતા.
- ૨) એક ભોકાયેલો ઘા જે જમણી બાજુ પેટની નીચે લમ્બર રીઝનમા હતો જેની સાઈઝ ૫ X ૨ X પોલાણ સુધી ઉડો હતો, જે મિડ એકજેલરી લાઈનમા ત્રાસો હતો જે મધ્ય રેખાથી ૯ સેમી બહારના ભાગે હતો જે ઈન્ટરીયર સુપીરિયર ઈલીયક સ્પાઈનથી ૯ સેમી ઉપર હતો, માર્જીન નિયમીત હતી તથા થોડા રુજાલુ (પાર્સીયલ હિલ)હતા.
- ૩) એક ધસરકો ડાબી બાજુ છાતી ઉપર નિપલ ઉપર હતો જે ૪ X ૩ સેમી, બ્રાઉન કલરનો હતો.
- ૪) એક ધસરકો ડાબી બાજુ છાતી ઉપર બહારના ભાગે મીડ એન્જલરી લાઈન પર હતો, જે ૬ X ૩ સેમી, જે બ્રાઉન કલરનો હતો. જે મધ્ય રેખાથી ૨૪ સેમી બહાર હતો. તથા બગલ આર્મપીટ થી ૧૬ સેમી નિચેના ભાગે હતો.
- ૫) એક સર્જીકલ ટાંકાવાળો ઘા પેટના મધ્ય રેખા થી છાતીના હાડકા જીફીસ્ટરનમ થી ૩ સેમી નિચે હતો, તથા પ્યુબિક સીમ્ફાઈસથી ૬ સેમી ઉપર હતો, જે ૨૮ સેમી લાંબો હતો, જેના પર ૨૬ ટાંકા હતા. ડાબી બાજુના ભાગે એક ડ્રેનેજ ટ્યુબ નાખેલ હતો જે ૧ X ૧ સેમી સ્ટીચીસ વુંડથી ૫ સેમી બહારના ભાગે હતો.
- ૬) ઘણા બધા નાના ઘસરકાઓ જે જુદી જુદી સાઈઝના શરીરના ધણા બધા ભાગો પર ઘસરકાઓ હતા જે ૦.૫ સેમી થી ૩ સેમીથી લઈને ૦.૫ થી ૧.૫ સેમી જેટલા બ્રાઉન કલરના હતા.
- બાહ્ય તપાસણી કરતા કોઈ અસ્થી ભંગ જણાયેલ ન હતી. શબની ઈજાઓ મ્રુત્યુ પહેલાની હતી. શબનુ આંતરીક પરીક્ષણ કરતા નીચેની ઈજા

જણાય આવેલ.

- ખોપડીમા કોઇ ઈજા જણાયેલ નહી. મગજ અંકબંધ અને ફિક્કુ પડી ગયેલ હતુ, ચહેરા તથા ગળા પર કોઈ ઈજા ન હતી. છાતી ઉપર ડાબી બાજુ એક ચકામો હતો જેની આજુ બાજુ રક્તસ્ત્રાવ હતો. જે છાતીના બહારના ભાગે હતો. જેનુ માપ ૭ X ૪ સેમી, જે રીબ તથા ઇન્ટલ કોસ્ટલ સ્પેસ નં ૫,૬ તથા ૭ ના ભાગે મધ્ય રેખા પર હતો. એક ચકામો ઇન્ટલ કોસ્ટલ સ્પેસમા હતો જે ૩ X ૨ સેમી, તથા તેની આજુ બાજુ રક્તસ્ત્રાવ હતો. છાતીના પોલાણમા ૬૦૦ ગ્રામ ગંઠાયેલ લોહી હતુ તથા ૧.૫ લીટર લોહી હતુ. જમણા ફેફસા ફિક્કા પડી ગયેલા હતા. ડાબો ફેફસો સંકોચાયેલ ગયેલ હતો. ડાબા ફેફસાના લોવર લોબમા એક છુદાયેલ ધા હતો જેની સાઈજ ૧.૫ X ૧ X ૧ સેમી બહારના ભાગે હતુ. હ્રદયના ચેમ્બર ખાલી હતા.
- પેટના ભાગે તપાસ કરતા બાહ્ય ઈજા નં ૧ અને ૨ ને સુસંગત ભોકાયેલ ઈજા પોલાણ સુધી હતી તથા તેના પર ઘણા બધા કપાયેલા ધા નાના આંતરડામા હતા જે સર્જરી દ્વારા રીપેર કરવામા આવેલા જેમા ૫ ટાકાઓ હતા. પેટમા કોઈ અસામાન્ય પ્રવાહી ન હતુ, હોજરી ખાલી હતી, તેમાથી કોઈ અસામાન્ય વાસ આવતી ન હતી. મ્યુકોઝા ફીકી પડી ગયેલા. લીવર નો વજન ૧૫૬૦ ગ્રામ હતુ જે ફિકી હતુ અને તેનો ઉપરનો ભાગ ગ્રેમ્યુલર અને રફ હતો. સ્પ્લીનનુ વજન ૯૦ ગ્રામ જમણી કિડની ૮૬ અને ડાબી કિડની ૯૦ ગ્રામની હતિ જે તમામ ફિક્કા હતા, ગુપ્ત ભાગે કોઈ ઈજા ન હતી, મુત્રાશય ખાલી હતુ. તેઓએ નીચે મુજબના નમુના મેળવી શીલ પેક કરી આવનાર કોન્સટેબને એફ એસ એલ ના પત્ર સાથે સુપ્રત કરેલ.
- ૧– લોહી– ગ્રુપીંગ અને મેચીંગ અને આગળની તપાસ માટે
- ૨– હિસ્ટોપેથીલોજીના તપાસ માટે આંખુ હ્રદય તથા લીવર, સ્પ્લીન, ફેફસા, કિડની અને મગજના ટુકડા
- ૩– લોહી કલચર માટે લેવામા આવેલ.
- મરણ જનારનુ મૃત્યુ તેમની હોસ્પીટલના રેકર્ડ મુજબ ૨:૩૦ એ એમ એ તા. ૨૫/૨/૨૦૨૦ ના રોજ થયેલ હતુ.
- તેમના અભિપ્રાય મુજબ મૃત્યુનુ કારણ છાતી અને પેટ પર ઘણી બધી

ઈજાઓના કારણે રક્તસ્ત્રાવ થવાના કારણે આઘાતના કારણે થયેલ હોવાનુ તેમનું સ્પસ્ટ મંતવ્ય છે. તેમને અસલ પીએમ નોટ બતાવતા તે તેમના હસ્તાક્ષરમા છે તેમા તેમની તથા ડો. જયેશ કાનાણીની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૩૦ થી રજુ છે. તેઓ તેમની સાથે હિસ્ટોપેથોલોજીનો રીપોર્ટ લાવેલ છે જે આંક–૩૧ થી રજુ છે તથા એફ એસ એલ ના ફોરવડીંગ પત્રની કાર્બન કોપીના તેમના હસ્તાક્ષરમાં છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૩૨ થી રજુ છે. તેઓ તેમની સાથે ફાઇનલ કોઝ ઓફ ડેથ સર્ટી લાવેલ છે જેમા મરણજનારનું મૃત્યુ છાતી પરની ઘણી બધી ઈજાઓથી રક્તસ્ત્રાવ થવાથી આઘાત લાગતા થયેલ છે. અસલ કોઝ ઓફ ડેથ સર્ટી જે તેમના હસ્તાક્ષરમા છે તેમા તેમની તથા ડો જયેશ કાનાણીની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૩૩ થી રજુ છે. પીએમમા દર્શાવેલ ઈજાઓ તીક્ષ્ણ હથીયાર વડે થઇ શકે. તેમને મુદ્દામાલ આર્ટી નં ૯ તથા ૧૦ શીલબંધ હાલતમા હોય નામ કોર્ટની પરવાનગીથી શીલ ખોલી બતાવતા તેમા આર્ટી નં ૯ થી ગુપ્તી તથા આર્ટી નં ૧૦ નુ ચપ્પુ બતાવતાં જે જોઇ કહે છે કે સદર હથીયારથી પીએમમા જણાવેલ ઈજાઓ થઇ શકે. મુદ્દામાલ આર્ટી નં ૯ ની સાથે એક પંચસ્લીપ નિકળેલ છે જેને **માર્ક–૨૭–એ** તથા આર્ટી નં ૧૦ માથી નિકળેલ પંચસ્લીપને **માર્ક–૨૭–બી** આપવામા આવે છે. પીએમમા દર્શાવેલ ઈજા માણસને કુદરતી ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હતી.

જયારે આરોપીઓ તરફથી જે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને સદર કામે કોઇ હથિયાર બતાવી પોલીસ દ્વારા કોઇ અભિપ્રાય માંગેલ નથી, કોઇ હથિયાર એક બાજુથી ધારવાળુ અને બીજી બાજુથી બુઠ્ઠુ હોય તો ધાની માર્જિન અલગ આવે છે, જે કોઇ હથિયાર બંને બાજુથી ધારવાળું હોય તો ઈજાની એન્ગલ એકયુટ હોય, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તરતની ઈજા પર તે હકીકત જણાવે આવે, સારવારની ઈજા બાદ તે અંગેનો અભિપ્રાય આપી શકાય નહીં, ઈજા નં.૧ અને ૨ ખુલ્લી હતી અને તેના પર કોઇ સર્જીકલ સ્ટીચ ન હતુ તથા સારવારની કોઇ પટ્ટી લાગેલ ન હતી, ઘસરકાની ઈજાઓ પડી

જવાથી થઇ શકે છે. સાહેદ જણાવે છે કે, બોર્થડ પદાર્થ મારવામાં આવે તો પણ થઇ શકે. આ સિવાય અન્ય બાબતોમાં પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલ છે. આમ, મરણજનારના મૃત્યુ બાબતે જણાવે છે કે, મરણજનારનું મૃત્યુ છાતી પરની ધણી બધી ઇજાઓથી રકતસ્ત્રાવ થવાથી આધાત લાગતા થયેલ છે. આમ, સમગ્ર મેડીકલ ઓફિસરશ્રીના પુરાવા તથા પી.એમ.નોટથી મરણજનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઇ પિરાજીભાઇ સિંદેનું મૃત્યુ શરીર ઉપર ધણી બધી ઈજાઓ થવાથી થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, મરણજનારનું મૃત્યુ કુદરતના સામાન્ય ક્રમમાં થયેલ નથી પરંતુ તેને હથિયારથી પેટનાં ભાગે તથા છાતીના ભાગે ગંભીર પ્રકારની જીવલેણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવેલ તેને કારણે થયેલાનું સાબિત થાય છે. આમ, મરણજનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે તે હકીકત સાબિત થાય છે. જેથી **મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચાઃ-</u>**

**<u>ફરિયાદીનો પુરાવોઃ-</u>**

(૧૪) પ્રસ્તુત કામે ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે **PW-2** ફરિયાદી અરૂણા સાવંત સિંધેને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૦ મા અમરોલી ખાતે આવેલ ગોપાલ ડેરી તથા સરકારી સ્કુલમા સાફ સફાઇનુ મજૂરી કામ કરતી હતી. તેમના પતિ શ્રાવણ ઉર્ફે સાવંત છાપરા ભાઠા ખાતે આવેલ પેન્ટીગની દુકાનમા મજૂરી કામ કરતા હતા. તેમના પતિ ચાર વરસ અગાઉ મરણ ગયેલ છે. તેમના પતિનુ ખુન થયેલ છે. તેમના પતિનુ ખુન તેમનો મહોલ્લો નવા હળપતીવાસમાં સાંજના સમયે થયેલુ. ત્યારે તેઓ મજુરીના કામ અર્થે હતી. તેઓ ધરે આવી ત્યારે મહોલ્લામા કોઇ દેખાયેલ નહી, તેમને તેમના મહોલ્લાના મધુબેને જણાવેલ કે તારા પતિનુ ખુન

થયેલ છે. ત્યારબાદ તેઓ સ્મીમેર હોસ્પીટલમા તેમની દિકરી પુજા સાથે ગયેલી. તેમના પતિને તેમણે જોયેલા નહી. મહોલ્લાના છોકરાઓ હોસ્પીટલમા મળેલા તેઓના નામ હાલ તેમને યાદ નથી. તેમના પતિને હોસ્પીટલમા ફાલ્ગુનભાઈ તેમજ અન્ય ઈસમો લઈ ગયેલા. તેમના પતિની પાંચ દિવસ હોસ્પીટલમા સારવાર ચાલેલ. તેમના પતિ સાથે તેમની હોસ્પીટલમા કોઈ વાતચીત થયેલ નહી. તેમના પતિ હોસ્પીટલમા ભાનમા આવેલા. તેમને અસલ ફરિયાદ બતાવતાં તેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૨૦ થી રજૂ છે. ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં પણ તેઓ ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી.

ફરિયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમના પતિને તા.૨૦–૨–૨૦૨૦ ના રોજ ઈજા થયેલ, તે વખતે હોસ્પિટલમાં પોલીસ પણ આવેલી, પોલીસે તા.૨૦–૨–૨૦૨૦ ના રોજ તેમના પતિને હોસ્પિટલમાં દાખલ હોય ત્યારે તેમની તથા ફાલ્ગુનભાઈ અને વિગેરેનાઓની પણ પુછપરછ કરેલી, તા.૨૫–૨–૨૦૨૦ ના રોજ તેમના પતિ મરણ ગયેલ ત્યાં સુધી તેઓ કઈ બોલી શકે તેવા હોશમાં ન હતા, તેમના પતિનું મૃત્યુ થતાં તેઓ ખુબ જ આધાતમાં જતી રહેલ, પોલીસે આંક–૨૦ વાળી ફરિયાદમાં તેમની સહી કરાવેલ ત્યારે તેઓ તેમના પુરા હોશમાં ન હતી, આ ફરિયાદમાં શું લખેલ હતુ તે તેમણે વાંચેલ નહીં કે તેમને કોઈએ વાંચી સંભળાવેલ નહીં.

ફરિયાદીના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેમણે બનાવને નજરે જોયેલ નથી પરંતુ

બનાવ બાદ તેઓના પતિને હોસ્પિટલ લઇ ગયેલા અને ફરિયાદી હોસ્પિટલે સીધા ગયેલા. આમ, સદર ફરિયાદીના પુરાવાથી હાલના આરોપીઓએ જ મરણજનારને માર મારી ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી.

**સાહેદોનો પુરાવોઃ–**

(૧૫) પ્રસ્તુત કામે ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે **PW–1** સાહેદ ફાલ્ગુનભાઇ જોતીન્દ્રભાઇ પરમારને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ અમરોલી બસ સ્ટેન્ડ પાસે ભાડાની દુકાનમા આધારકાર્ડ પાનકાર્ડ તેમજ મની ટ્રાન્સફરનુ કામકાજ કરે છે. તેઓ તેમની પત્ની સંગીતા અને બે દિકરા સાથે રહે છે. શ્રાવણ ઉર્ફે સાવન તેમના બાજુના ફળીયા હળપતિવાસમાં રહેતા હોય જેથી તેઓ તેમને ઘણા સમયથી ઓળખે છે. તેઓ સને ૨૦૨૦ મા મરણ ગયેલ છે. તેઓ માંદા ન હતા. તેઓને કંઇક વાગેલુ હતુ. તેમના હળપતિવાસમાં જ પેટના ભાગે વાગેલ હોય જેથી ૧૦૮ ને તેમણે ફોન કરાવડાવેલ પરંતુ ૧૦૮ આવેલ નહી, પરંતુ બનાવના દિવસે હળપતિવાસમાં આવેલ ચીકનની દુકાનમા તેઓ ચીકન લેવા ગયેલ અને ગાડી પાર્ક કરેલ તેના દુર બુમાબુમ થયેલ. જેથી તેઓ દોડીને ત્યા ગયેલ ત્યા શ્રાવણ ભાઈ પડેલા હતા અને પેટના ભાગે લોહી નિકળતુ હતુ. નવનીતભાઇ તથા ભરતભાઇનાઓને તેમણે ઓટોરીક્ષા લાવવાનુ જણાવેલુ. તેઓ બન્ને ઓટોરીક્ષામા શ્રાવણભાઈને સારવાર માટે જીવન જ્યોત હોસ્પીટલમા લઈ ગયેલા અને તેઓ તેમની બાઇક ઉપર ગયેલ. ત્યા તેમની સારવાર નહી થાય તેમ જણાવતા કિરણ હોસ્પીટલમા લઈ ગયેલા જ્યા પૈસાની સગવડ ન હોય સ્મીમેર હોસ્પીટલમા લઈ ગયેલા.

ત્યા તેની સારવાર ચાલુ કરાવેલી તે દરમ્યાન શ્રાવણભાઈની પત્ની અરુણાબેન, ભાઈ આત્મારામ, કાકા શાંતા રામ, નવનીતભાઈના પત્ની તેમજ મહોલ્લાના સગા મિત્રો આવી ગયેલા. ત્યારબાદ તેમની પત્ની પણ બીજી મોટર સાયકલ ઉપર આવેલ હોય ત્યારબાદ તેઓ તેમની પત્ની સાથે બાળકો ધરે હોય ઘરે જવા નિકળી ગયેલા. સ્મીમેર હોસ્પીટલમા અરૂણાબેન તેમના ભાઈઓ મળેલા. ત્યા તેમણે શ્રાવણભાઈના સગાઓને બનાવ અંગેની કોઈ હકીકત જણાવેલ નહી. તેઓ ચીકન લેવા ગયેલ અને ત્યા પચાસ ફુટના અંતરે શ્રાવણભાઈને પડેલા જોયેલ તે વખતે તેમણે કોઈ ઈસમને મોટર સાયકલ પર ભાગતો જોયેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલ. નવનીતભાઈ અને ભરતભાઈ મરણ ગયેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં પણ તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતાં નથી.

સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, સદર સાહેદે બનાવને નજરે જોયેલ નથી અને ઈજા પામનાર/મરણજનારને આરોપીઓ માર મારતાં હોય તેવો કોઈ બનાવ જોયેલ નથી તેમજ આરોપીઓને સ્થળ ઉપરથી નાસતા ભાગતા પણ જોયેલ નથી. આમ, બનાવ સમયે આરોપીઓ હાજર હોય અને તેણે મરણજનારને ઈજા પહોંચાડેલ હોય તે હકીકતને સમર્થન મળતું નથી.

**પંચ સાહેદોઃ-**

(૧૬) પ્રસ્તુત કામે ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે **PW-3** પંચ સાહેદ વિજયકુમાર રામજીત યાદવને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે.

તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આશરે બે–ત્રણ વર્ષ અગાઉ તેઓ પેસેન્જર રીક્ષા લઈને જતા હતા ત્યારે પોલીસે તેમને ઉભા રાખી કાગળમાં સહી કરવાનું જણાવતા તેમણે સહી કરી આપેલી. તેમણે આશરે બે સહીઓ કરેલી. તેમને હથિયાર કબજે કરતું ડીસ્કવરી પંચનામુ બતાવતાં જેમાં કુલ્લે ત્રણ સહી પંચ નં. ૧ તરીકેની તેમની છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૨૪ થી રજૂ છે તેમજ **PW–5** પંચ સાહેદ દિપક સુરેશભાઇ ગવાણેને આંક–૩૪ થી અને **PW–6** પંચ સાહેદ જગન ઇચ્છારામ સોલંકીને આંક–૩૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બે વર્ષ અગાઉ તેઓ અમરોલી પો.સ્ટે.એ ગયેલ ત્યારે પોલીસે તેમને સહી કરવા માટે બોલાવેલ. તેમણે આશરે ૪–૫ સહીઓ કરેલ. તેમને આરોપી દિપુસીંગનું અટક પંચનામુ તથા મોટરસાયકલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવે છે જે અનુક્રમે આંક–૩૫ તથા આંક–૩૬ થી રજૂ છે તેમજ **PW–7** પંચ સાહેદ વિજય પરસોત્તમભાઇ ગોહિલને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,તેઓ આશરે બે–ત્રણ વર્ષ અગાઉ અમરોલી પો.સ્ટે.એ ગયેલા ત્યાં તેમે તેમનું નામ સરનામુ પુછી સહી કરવાનું જણાવતાં તેમણે સહી કરી આપેલી. તેમને આંક–૨૪ નું પંચનામુ બતાવતાં જેમાં કુલે–ત્રણ સહી પંચ નં.૨ તરીકેની તેમની છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને માર્ક–૨૭/એ તથા માર્ક–૨૭/બી ની પંચ સ્લીપ બતાવતાં તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. જે અનુક્રમે આંક–૩૯ અને આંક–૪૦ થી રજૂ છે તેમજ **PW–8** પંચ સાહેદ જગદીશ લલ્લુભાઇ રાઠોડને આંક–૫૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૨૦ માં અમરોલી પોલીસે તેને પંચ તરીકે

બોલાવેલ ત્યારે તેમની એક તૈયાર લખાણમાં સહી કરાવેલી. તેમને આંક–૨૧ થી રજૂ ઇન્કવેસ્ટ પંચનામુ બતાવતાં જેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે તેમજ **PW–9** પંચ સાહેદ અબ્બાશ ઉસ્માનગની શેખને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૨૦ માં અમરોલી પોલીસે તેને પંચ તરીકે બોલાવેલ ત્યારે તેમની એક તૈયાર લખાણમાં સહી કરાવેલી. તેમને આંક–૩૫ થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવતાં જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા પંચ સાહેદો તરીકે જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછતાં પણ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતાં નથી.

આરોપીઓના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામા પર સહી કરાવેલી તે સિવાય બીજી કોઇ માહિતી નથી.

સદર પંચ સાહેદોના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, તેમણે તૈયાર પંચનામામાં ફકત સહી કરેલી તે સિવાય તેમને બીજી કોઇ માહિતી નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાના આધારે આરોપીઓ સામેનું ગુનાનું તહોમત પુરવાર થતું નથી કે તપાસ દરમ્યાન જે પંચનામાઓ કરેલા તેને સમર્થન મળતું નથી.

**પોલીસ સાહેદઃ–**

(૧૭) પ્રસ્તુત કામે ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે **PW–10** તપાસનીશ અધિકારી અલ્પેશકુમાર પેથુભાઇ ચૌધરીને આંક–૭૨ થી

તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૫-૨-૨૦૨૦ ના રોજ પો.સ્ટે. અમલદારશ્રી અ.હે.કો.હેમંત લાલાસિંહ બકલ નં.૨૭૦૮ નાઓએ તેમને રાત્રિના ક.૩/૧૫ વાગે ટેલિફોનિક જાણ કરી કે એક પેશન્ટ સાવંતભાઇ ઈરાજીભાઇ શિંદે, ઉ.વ.૩૬ રહે. અમરોલીનાઓને ગઈ તા.૨૦-૨-૨૦૨૦ ના હળપતિવાસ, અમરોલી ખાતે મારામારી થતાં તેને પેટના ભાગે ઇજા થતાં તેને સ્મીમેર હોસ્પિટલના ક.૨૨/૧૫ વાગે દાખલ કરેલ જે તા.૨૫-૫-૨૦૨૦ ના રોજ ક.૨/૩૦ વાગે ચાલુ સારવાર દરમ્યાન મરણ ગયેલ છે જેની ડેડબોડી બીજા માળે આઇ.સી.યુ. વોર્ડ નંબરમાં રાખેલ છે તેને એમ.એલ.સી. નં.૧૯૦૫ છે વિગેરે મુજબની ટેલિફોનિક વર્ધી તેમને મળતાં તેમણે તાત્કાલિક સ્મીમેરે હોસ્પિટલ ખાતે ગયેલા અને ત્યાં મરણજનાર શ્રાવણ ઉર્ફે સાવંતભાઇ પીરાજીભાઇ શિંદેનાઓની પત્ની અરૂણાબેનનાઓ ત્યાં હાજર હોય તેઓની બનાવ બાબતની પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે આરોપી દિપુસીંગ રાજપુત રહે-જુનુ કોસાડ રોડ,અમરોલી તથા નં.૨ રવિ બિહારી, રહે-કતારગામનાઓએ તેમના પતિની ચાકુ જેવા તિક્ષ્ણ હથિયાર વડે પેટના ભાગે જીવલેણ ઈજાઓ કરી નાસી ગયેલ હોવાની હકીકત તેઓ સમક્ષ દર્શાવતાં તેઓએ ફરિયાદીની લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી અને ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ તેમને સોંપતાં તેઓએ તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે તેમણે મરણજનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોય નજીકના બે પંચોના માણસો બોલાવી પંચોના લખાવ્યા મુજબનું ઇન્કવેસ્ટ પંચનામુ તેમજ મરણજનારની લાશની ફોટોગ્રાફી કરેલી. તપાસના કામે એફ.એસ.એલ. અધિકારીશ્રીએ તૈયાર કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ સામેલ રાખેલ. તપાસના કામે બનાવ નજરે જોનાર

સાહેદ નં.૧ નવીનભાઈ રાઠોડ, નં.૨ ભરત બહેરા, નં.૩ ફાલ્ગુનભાઈ પરમાર તથા બીજા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તપાસ દરમ્યાન આ ગુનામાં સંડોવાયેલ આરોપી દિપુસીંગ રાજપુત, આરોપી રવિ બિહારી ખુદ મળી આવતાં નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ કરી લીધેલું. તેમણે આરોપીઓની શરીરસ્થિતિના પંચનામા, આરોપીઓએ બનાવ વખતે પહેરેલાં કપડાં કબજે કર્યાનું પંચનામુ, મરણજનારના કપડાં કબજે કર્યાનું પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામુ, ગુનાવાળી જગ્યાનું પંચનામુ, હથિયાર કબજે કરતું ડીસ્કવરી પંચનામુ, મોટરસાયકલ કબજે કર્યના પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલા. તેમણે મુદ્દામાલ આર્ટી.નં.૧ થી ૭ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને પંચ સ્લીપોમાં પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે જે અનુક્રમે આંક-૭૮ થી આંક-૮૪ થી રજૂ છે. તેમને મુદ્દામાલ આર્ટી.નં.૯ ગુપ્તી અને મુદ્દામાલ આર્ટી.નં.૧૦ ચપ્પુ બતાવતાં તેઓ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે અને જે મુદ્દામાલો પંચનામાની વિગતે કબજે કરેલા.

આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ ગુનો તા.૨૦-૨-૨૦૨૦ ના રોજ બનેલો અને તેની ફરિયાદ તા.૨૫-૨-૨૦૨૦ ના રોજ આપવામાં આવેલી, ઈજા પામનારને તા.૨૦-૨-૨૦૨૦ ના રોજ હોસ્પિટલમાં દાખલ કરેલો અને હોસ્પિટલમાંથી આ બાબતની પો.સ્ટે.માં વર્ધી પણ આપેલી, તા.૨૦-૨-૨૦૨૦ ના રોજ તેમના પો.સ્ટે.માંથી અધિકારીઓ ગયેલા તેને ફરિયાદીના પત્ની અને તેના મિત્રોને મળવાનું થયેલું.

સવાલઃ તમને ૨૦, ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ જ કોગ્નીઝેબલ ગુનો

બનતો હોવાની માહિતી મળઈ ગયેલી તો પછી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી શા માટે પો.સ્ટે.માં ગુનો દાખલ કરેલ નહીં?

જવાબઃ ફરિયાદીબેને તેમનું નિવેદન લખાવેલું જેમાં તેઓએ પાછળથી વિગતવારની ફરિયાદ આપશે જેથી તેમણે જે તે સમયે ગુનો નોંધેલો નહીં. વધુમાં સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી કોઈ પણ વ્યકિતએ તેમને આરોપીઓના નામ આપેલા હોય કે ગુનાની વિગતવારની માહિતી આપેલ હોય તેવું બનેલ નથી, ઈજા પામનાર ગુજરી ગયા બાદ આરોપીઓના નામ અને બનાવ અંગેની માહિતી આપવામાં આવેલી, ઈજા પામનાર ભાનમાં આવે ત્યારે ઈજા પામનારનું ડી.ડી. નોંધવા માટે એકઝી.મેજિ.ને તેમણે પત્ર લખેલ હોય તેવું બનેલ નથી, ઈજા પામનાર ભાનમાં આવેલ હોય તે બાબતની જાણ હોસ્પિટલ તરફથી તેમને પો.સ્ટે.માં કરેલ નથી, બનાવવાળી જગ્યાએ માર્કેટવાળો વિસ્તાર છે અને ખુબ ભીડભાડવાળી જગ્યા છે, ગુનાવાળી જગ્યાએ આરોપીઓ હાજર હોય તેવો કોઇ પણ સી.સી.ટી.વી. ફુટેજનો પુરાવો કે કોઇએ મોબાઇલમાં બનાવ સંબંધે કોઈ રેકોર્ડીંગ કરી લીધેલ હોય તેવો પણ કોઈ પુરાવો મળઈ આવેલો નહીં, તેમની તપાસના કામે જે ત્રણ નજરે જોનાર સાહેદો મળી આવેલા હતા તેઓએ ફરિયાદ દાખલ થતાં સુધી તેઓએ બનાવ નજરે જોયા હોય તેવી કોઈ માહિતી પોલીસને જણાવેલ ન હતી.

આમ, સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, તેમણે પોતાની તપાસમાં જે જે કાર્યવાહી કરેલ તેની વિગતવાર હકીકતો જણાવેલ છે પરંતુ તપાસના કામે જે મહત્વના સાહેદો હતા તે ફરિયાદી અને સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલ નથી. આમ, માત્ર તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે આરોપીઓ સામેનો કેસ સાબિત માની શકાય નહીં.

**(૨૩)** આમ, ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, ફરિયાદીએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપેલ છે તેણે મરણજનારને કોણે માર્યુ તે જોયેલ નથી તે જ રીતે ફરિયાદપક્ષ તરફથી અન્ય સાહેદોએ પણ બનાવ નજરે જોયેલ નથી અને પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. બનાવને નજરે જોનાર સાહેદો ગુજરી ગયેલ છે. આમ, જયારે ફરીયાદી કે સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ છે તે પુરાવો નબળો અને અવિશ્વાસનીય હોય તે સંજોગોમાં માત્ર તપાસનીશ અધિકારીશ્રીનાં રજુ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલ હોવાનું માની શકાય નહી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છુ. જેથી **મુદ્દા નંબર–૨ નો જવાબ નકાર**માં આપી, મુદ્દા નંબર–૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

૧) આરોપીઓ–**૧) દિપુ દેશરાથ સિંગ(રાજપુત),** ઉ.આ.વ.૪૫ વર્ષ, ધંધો–વેપાર, રહે–ઘર નં.૭૯, શિવનગર, જુનો કોસાડ રોડ, અમરોલી, સુરત. મુળ રહે–ગામ શનબરશા થાના–ટીકડી નગર, પોસ્ટ–ખેતાસરાયા, તા.રામશરેહી, ધાટ જિ.બારાબંકી(યુ.પી.) **૨) રવિ ઉર્ફે રવિ બિહારી બિસ્વજીતસીંગ રાજપુત,** ઉ.આ.વ.૨૪ વર્ષ,ધંધો–નોકરી, રહે–અમરોલી ચાર રસ્તા, જનતાનગર, અમરોલી, સુરત. મુળ વતન–ગામ–મહેશ્વરી, પોસ્ટ થાના સરકાપથલ, તા.જિ.જમોઇ(બિહાર) અને **૩) શૈલેન્દ્ર ઉર્ફે શાહરૂખ કલ્લન શર્મા,** ઉ.આ.વ.૨૩ વર્ષ,ધંધો–રીક્ષા ડ્રાયવર, રહે– અમરોલી ગુ.હા.બોર્ડ ઘર નં.૧૧૩૯, પાર્થ સોસાયટી, અમરોલી, સુરત. મુળ રહે–ગામ તસીમો, તા.સેફો, જિ.ધોલપુર, (રાજસ્થાન)

નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઇ.પી.કો.કલમ–૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપીને છોડી મુકવામાં આવે છે.

૨) આરોપી નં.૧ અને ૨ જયુડી.કસ્ટડીમાં હોય જેલ ઉપર હુકમ મુજબ ચાદી કરવી તેમજ આરોપી નં.૩ સદર ગુનાના કામે જામીન મુકત હોય તેઓના જામીન ખત રદ કરવા અને અપીલ કરે તો અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂ આ કામના દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ અન્વયે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ પીરીયડ ૬ (છ) માસના સમયગાળા માટેના આપવાના રહેશે.

૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ–બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯–૦૪–૨૦૨૬
સુરત.
KPP

( રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક એડીશનલ સેશન્સ જજ,
સુરત.Code No.GJ.00608.